# વિષય - પર્યાવરણ  ૨૧. જગત મારા ઘરમાં

❖ અધ્યયન નિષ્પતિઓ :- ૧. કુટુંબ, શાળા અને પડોશમાં બનેલ બનાવો વગેરે પરથી અવલોકન અને અનુભવ કરી મૌખિક અભિપ્રાય આપે છે.(દા.ત. પસંદગી, નિર્ણય લેવો, સમસ્યા નિવારણ, જાહેર સ્થળોએ જાતિગત ભેદભાવો, પાણી, મધ્યાહન ભોજન, સમૂહભોજન, બાળકોના હક્કો, શાળામાં બાળકોનું અપમાન, સજા, બાળમજૂરી વગેરે.)

**પ્રશ્ન- ૧. નીચે આપેલા પ્રશ્નોના જવાબ માટે યોગ્ય વિકલ્પ પસંદ કરો.**

(૧) નીચેનામાંથી ટીવી પર આવતા કયા કાર્યક્રમ દ્વારા દેશ દુનિયાની ઘટનાઓ વિશે જાણી શકાય ?..........

(અ) ફિલ્મ (બ) સમાચાર (ક) રમતગમત (ડ) ધારાવાહિક

(૨) મમતાના ઘરમાં શા માટે ઝઘડો શરૂ થયો હતો ?................................

(અ) ટી.વી ના કાર્યક્રમ જોવા માટે (બ) ખુરશીઓ પર બેસવા માટે

(ક) સ્નાન કરવા માટે (ડ) ઘરની સફાઇ કરવા માટે

(૩) બાળકોએ નીચેનામાંથી ટી.વી પર આવતા કયા કાર્યક્રમો જોવા વધુ હિતાવહ છે ?...........................

(અ) ધારાવાહિક (બ) ફિલ્મો (ક) કાર્ટૂન (ડ) રમતગમત

(૪) પ્રતિભા તેની બહેનપણીના ઘેરથી સાંજે ૭:૦૦ કલાકે રમવાનું છોડીને દોડતી દોડતી ઘેર કેમ જાય છે?...........................

(અ) પ્રતિભાને તેના પપ્પાએ બોલાવી હતી. (બ) પ્રતિભા રમત રમતાં થાકી ગઇ હતી

(ક) પ્રતિભાને સાંજે ૭ :૦૦ કલાકે ઘેર પાછા જવાનો નિયમ હતો. (ડ) પ્રતિભાને ખૂબ ભૂખ લાગી હતી

(૫) પ્રતિભાને કયો નિયમ બરાબર લાગતો નથી ?........................................................

(અ) રમત રમવાનો નિયમ (બ) ઘરમાં કામ કરવાનો નિયમ

(ક) છોકરા અને છોકરીઓ માટે અલગ નિયમ (ડ) ભોજન કરવાનો નિયમ

(૬) તમારા ઘરમાં જો તમારો નાનો ભાઇ પોતાનો અલગ ધંધો શરૂ કરવા માંગે છે તો તમારે શું કરવું જોઇએ ?........................................................................................................................

(અ) અલગ ધંધો કરવો યોગ્ય નથી તેમ કહી વિરોધ કરવો જોઇએ.

(બ) તમારે પણ અલગ ધંધો શરૂ કરવો જોઇએ.

(ક) અલગ કામ કરવાથી ઘરની એકતા તૂટશે તેમ કહી ના પાડવી જોઇએ.

(ડ) તમારા નાના ભાઇને ધંધો શરૂ કરવા માટે મદદ અને પ્રોત્સાહન આપવું જોઇએ.

(૭) કુલ્ફીવાળાએ પૈસાની ગણતરી કરવામાં ભૂલ કરી છતાં મીનાકાકીએ કુલ્ફીવાળાને પૂરા પૈસા ચૂકવ્યા. આ બાબતથી તમને મીનાકાકી પાસેથી કયો ગુણ શીખવા મળ્યો ?...................................................

(અ) પ્રામાણિકતા (બ) શિસ્ત (ક) સમજદારી (ડ) વિવેક

(૮) અક્ષયના દાદીએ અનિલના ઘરે ખાવાની કે પાણી પીવાની ના કેમ પાડી ?.......................................

(અ) દાદી સ્વચ્છતાના ખૂબ આગ્રહી છે. (બ) અનિલના ઘેર સ્વચ્છતા જળવાતી નથી

(બ) અનિલના ઘેર કોઇને કોઇ બીમાર રહે છે. (ડ) આપેલા તમામ

**પ્રશ્ન-૨. નીચે આપેલા વિધાનો વાંચો અને યોગ્ય હોય તો 'હા' અને અયોગ્ય હોય તો 'ના' લખો.**

(૧) ઘરમાં બધાએ પોતાના મનપસંદ ટી.વીના કાર્યક્રમો જોવા માટે જીદ કરવી જોઇએ. ☐

(૨) મીનાના માતાપિતા ખેતીકામ કરવા માટે જાય છે, અને મીનાનો નાનો ભાઇ શાળાએ ભણવા જાય છે, જેથી મીનાને શાળાએ મોકલવાને બદલે ઘરકામ કરવા માટે રોકવામાં આવે છે. ☐

(૩) સુનિતા પિતા સુનિતાને ભણાવીને ડૉક્ટર બનાવવા ઈચ્છે છે. ☐

(૪) મમતાના ઘરમાં છાકરાઓને બહાર ફરવા જવાની અને રમવાની છુટ આપવામાં આવે છે અને છોકરીઓને બહાર ફરવા જવા માટે અને રમવા માટે અલગ નિયમો છે. ☐

(૫) દરેક ઘરમાં છોકરાઓ અને છોકરીઓ માટે અલગ અલગ નિયમો હોવા જોઇએ. ☐

(૬) છોકરા અને છોકરીઓ બન્નેને શિક્ષણ મેળવવાનો સમાન હક છે. ☐

(૭) અનિલના ઘરમાં સ્વચ્છતા જળવાતી નથી અને બધાનું આરોગ્ય વારંવાર બગડે છે. ☐

(૮) ઘરમાં વડીલોએ પોતાનાથી નાના ને હૂંફ અને પ્રોત્સાહન પુરુ પાડવું જાઇએ. ☐

(૯) અક્ષયના ઘરમાં પોતાનાથી વડીલોની સલાહ - સૂચના માનતો નથી અને પાતાની મનમાની કરે છે. ☐

(૧૦) મયંક તેના પિતાએ ખર્ચ માટે આપેલા પૈસાનો હિસાબ આપી વધેલા પૈસા તેના પિતાને પરત આપે છે. ☐

**પ્રશ્ન-૩. નીચેના આપેલા પ્રશ્નોના જવાબ લખો.**

(૧) સયુંક્ત કુટુંબમાં રહેતા લાકો વચ્ચે કઇ કઇ બાબતોમાં ઝગડા થાય છે તે વિચારીને લખો.

........................................................................................................................

........................................................................................................................

........................................................................................................................

(૨) ઘરમાં છાકરાં અને છાકરીઓ તથા સ્ત્રીઓ અને પુરુષો માટે અલગ અલગ નિયમો હોવા જોઇએ કે નહી ? શા માટે ? વિચારો અને લખો.........................................................................................

........................................................................................................................

........................................................................................................................

........................................................................................................................

(૩) અક્ષયના દાદીએ તેને અનિલના ઘેર પાણી પીવાની ના કેમ પાડી ? ..........................................

........................................................................................................................

........................................................................................................................

(૪) તમારા ઘરમાં મહત્વના નિર્ણયો કોણ લે છે ? શું તમે તેમના નિર્ણયને માન્ય રાખો છો ? કેમ ?

........................................................................................................................